# દહેગામમાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં જયસિંહ ચૌહાણના હસ્તે ૪૬૬૭ લાભાર્થીઓને રૂ. ૫ કરોડની સાધન સહાયનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાનો અંતિમ ગરીબ કલ્યાણ મેળો આજરોજ શિક્ષણ રાજય મંત્રી અને જિલ્લા -ભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં જય યોગેશ્વર કોલ્ડ સ્ટોરેજ, દહેગામ ખાતે યોજાયો હતો. આ ગરીબ કલ્યાણ મેળામાં મંત્રીશ્રી જયસિંહ ચૌહાણના હસ્તે ૪૬૬૭ લાભાર્થીઓને રૂપિયા ૫.૧૯ કરોડની સાધન-સહાયનું વિતરણ હાથોહાથ કરવામાં આવ્યું હતું. આ -સંગે સાંસદ સભ્ય શ્રી હરિનભાઈ પાઠક પણ ખાસ ઉપસ્થિત રહયાં હતાં.

આ -સંગે જિલ્લા -ભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણએ જણાવ્યું હતું કે,રાજયના વંચિતોના વિકાસ અર્થે કટિબધ્ધ રાજય સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળાઓ શરૂ કરવામાં આવ્યા છે. ગરીબ કલ્યાણ મેળામાં વિવિધ યોજનાઓના લાભ મેળવી દરિદ્રનારાયણો પગભર બન્યા છે. સાથે સાથે સ્વમાનભેર જીવન જીવવા લાગ્યા છે. સમગ્ર રાજયમાં છેલ્લા ત્રણ તબક્કામાં ૬૪૨ ગરીબ કલ્યાણ મેળાઓમાં ૫૮,૬૭,૦૦૦ લાભાર્થીઓને વિવિધ યોજનાઓ અંતર્ગત રૂપિયા ૮૧૨૦ કરોડની સાધન-સહાયનું વિતરણ હાથોહાથ કરવામાં આવ્યું છે. ચોથા તબક્કામાં ૨૨૩ તાલુકાઓમાં ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા અંદાજીત ૧૫ લાખ



લાભાર્થીઓને રૂપિયા ૧૨૦૦ કરોડની સહાય ચુકવવામાં આવશે. જિલ્લામાં એ-િલ માસ દરમ્યાન ચાર તાલુકાઓમાં ચાર ગરીબ કલ્યાણ મેળાઓ યોજાયા છે. જેમાં ૨૫૧૩૩ લાભાર્થીઓને રૂપિયા ૩૧.૧૯ કરોડની સાધન-સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે.

વધુમાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દીકરીઓના શિક્ષણ પર ભાર મુક્યો છે. કન્યા કેળવણીને -ોત્સાહિત કરવા તેઓશ્રીએ પોતાને મળતી ભેટ-સોગાદોની હરાજી કરીને રૂપિયા ૫૬ કરોડની રકમ ગુજરાતની દીકરીઓના અભ્યાસ માટે -ોત્સાહિત કરવા અર્પણ કરી છે. તે સિવાય તેઓશ્રીએ રાજયના શિક્ષણ વિભાગની વિદ્યાદીપ, કન્યા કેળવણી, શાળા -વેશોત્સવ, ગુણોત્સવ, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમની અંગેની વિગતેમાહિતી આપી હતી. તે સિવાય રાજય સરકારની કુંવરબાઈનું મામેરું, નિરાધાર-વિધવા સહાય યોજના, કૃષિ અને આરોગ્ય વિભાગની વિવિધ યોજના થકી હાંસલ થયેલા પરિણામોની આંકડાકીય માહિતી આપી હતી.

આ -સંગે ઉત્તમ ડેરીના દહેગામ ખાતેના બોર્ડ ઓફ ડાયરેકટર શ્રી જશીબેને માન.મુખ્ય મંત્રીશ્રી કન્યા કેળવણી નિધિમાં રૂપિયા ૧૧ હજારનો ચેક અર્પણ કર્યો હતો. જિલ્લા પંચાયતના સદસ્યશ્રી ગુણવંતસિંહ ચાવડા અને રખિયાલ ગ્રામ પંચાયતના સરપંચ શ્રી રમતુજી મકવાણાએ દહેગામ તાલુકાની બે સખી મંડળને રૂપિયા ૫-૫ હજારના ચેક અર્પણ કર્યો હતા.

જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપે ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું. આભારવિધી જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ.ગાંધીએ કરી હતી.શાળાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરીને ઉપસ્થિત સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા.


આ -સંગે દહેગામના ધારાસભ્ય શ્રી કલ્યાણસિંહ ચૌહાણ, જિલ્લા -ભારી સચિવ શ્રી સી.એલ.મીના, બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ નિગમના ચેરમેન શ્રી પૂનમભાઈ મકવાણા, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, દહેગામ તાલુકા પંચાયતના -મુખ શ્રી રમણજી ઠાકોર, ગાંધીનગર જિલ્લા ભાજપ -મુખ શ્રી શકુંતલાબેન પટેલ, દહેગામ એપીએમસીના ચેરમેન શ્રી સુમેરભાઈ અમીન સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહયાં હતા.

## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



દેવાંગના કીર્તિકુમાર પંડ્યા (૧૯૪૩) ફોન. ૨૩૨૨૯૯૭૦



કાંતીલાલ ડી. પરમાર (૧૯૪૫) મો. ૯૮૭૯૬૯૨૦૬૩

## પોલીસ ચોકી શરૂ કરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાત વિસરાઈ છે. મુસાફરોથી ધમધમતા ડેપો સંકુલમાં લાંબા સમયના અંતે પણ પોલીસ 'પહેરો' ન ગોઠવાતા તસ્કરી વૃત્તિ બિન્દાસ્ત પણે ફૂલીફાલી છે. જેના પરિણામે બસમાં ભીડભાડના સંજોગોમાં પીક પોકેટર્સ પણ છેલ્લા કેટલાક સમયથી સક્રીય થયા છે. તક મળતા જ હાથફેરો કરી લેતા ચોર ઈસમોની આ વૃત્તિથી અપડાઉનકર્તાઓ તેમજ મુસાફરોમાં પણ ભયની લાગણી પ્રવર્તી છે. પાટનગરના એસ.ટી.ડેપોમાંથી રોજબરોજ દોડતી વિવિધ રૂટની બસોના લીધે મુસાફરોનો ધસારો પણ વધ્યો છે. આવા સંજોગોમાં ડેપો સંકુલમાં કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય તે માટે છેલ્લા ઘણા સમયથી પોલીસ ચોકી ઉભી કરવાની માંગ પ્રબળ બની છે.

આ મામલે અગાઉ પોલીસ તંત્ર દ્વારા હકારાત્મક વિચારણાના અંતે ચોકી કાર્યરત કરવા ડેપો સમક્ષ રૂમ ફાળવવા પણ માંગણી કરવામાં આવી હતી. પરંતુ સઘળા આયોજના અંતે પણ વાત વિસરાતા ડેપો મેનેજરે ડેપો સંકુલમાં ત્વરિત પોલિસ ચોકી શરૂ કરવા સે-૭ પોલીસ સ્ટેશનના પી.આઈ.ને પત્ર રજૂઆત કરી છે.

## ગોટાળો....

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સોડા પીવડાવવામાં આવે. ત્યાંથી બપોરે થોડો આરામ કરવા માટે સેક્ટર-૨૮ના ગાર્ડનમાં તેમને લઈ જવાના. ગાર્ડનની શિતળ છાયાંમા તેમના આરામનું ધ્યાન એસ.પી. ગાંધીનગર રાખશે.

- ચાર વાગ્યાની આસપાસ ઓબામાને આરામમાંથી ઉભા કરી બહાર શિવશકિતની ચોળાફળી ખાવા લઈ જવા.

- ચોળાફળી પતાવી જિલ્લા કલેકટર ઓબામાને અક્ષરધામમાં દર્શન માટે લઈ જાય. પરંતુ ત્યાં ગેટ પર તેમનો બેલ્ટ અને વોલેટ ન કઢાવે તેનું ધ્યાન રાખવું. ભગવાન સ્વામિનારાયણના દર્શન કરી અક્ષરધામ ખાતે આવેલી રેન્જર રાઈડમાં ઓબામાને બેસાડવા. ત્યાં તેમનો સાથ આપશે શહેરના પત્રકાર મિત્રો. રાઈડમાં બેઠા બેઠા જ તેઓ શહેર -ત્યે ઓબામાના વલણની બાઈટ લઈ લે...

- અક્ષરધામથી સાંજે છ લાગ્યે સીધા પંચદેવ મંદીર આગળ. દર્શન કરવા નહી પણ ૨૦ રૂપિયાની પંચદેવની પાણીપુરી ખાવા.

- પાણીપુરી પતાવી પાછા વિટકોસમાં. બાકી રહેલા સેક્ટરોનું ભ્રમણ કરી ઓબામાને રાત્રે આઠ વાગ્યે ઘ-૫ ચોપાટીએ છોડી દેવા. ઘ-૫ આગળ શહેરની મહિલા મંડળની બહેનો ઓબામાને સ્વચ્છ અને સ્વાદિષ્ટ એવી ચોપાટીની લારીઓ પર રાત્રી ભોજનમાં સાથ આપશે...

- રાત્રી ભોજન પત્યા બાદ ઘ-૫ના બસસ્ટેન્ડેથી એરપોર્ટ પહોંચાડવા માટે ઓબામાને રિક્ષામાં બેસાડી દેવા. શહેરના અગ્રગણ્ય બિલ્ડરો અને સેવાભાવી સંસ્થાઓના -તિનિધિઓ ઓબામાની રિક્ષાને કૉન્વૉઈ કરશે...

છે ને ફુલ્લી ફટ્ટાક પ્લાન. ગાંધીનગરની આ મુલાકાત ઓબામાભાઈ ક્યારેય નહી ભૂલે

-દર્શના

www.gotadogandhinagarno.blogspot.com

## ગુમ થયેલ છે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સેક્ટર-૨૮માં છ-ટાઈપ, બ્લોક નં. ૮૧/૭માં રહેતા અજયકુમાર વિશ્વબંધુ મંગલસિંહ આહીર તા. ૨૭મી એપ્રિલના રોજ ઘરેથી મિત્રને મળવા જવાનું કહીને ચાલ્યા ગયા છે. જે આજ દિન સુધી પરત ફર્યા નથી. જે અંગે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગાંધીનગરના અજયકુમાર આહીર ૨૫ વર્ષની ઉંમર ધરાવે છે જે તા. ૨૭મી એપ્રિલે ૧૦.૩૦ કલાકે પોતાની કાળા કલરની લેન્સર કાર નં. જીજે-૧-એચ.ઈ-૫૫૪૦ લઈ પોતાના મિત્રને મળવા જાઉં છું તેમ કહીને નીકળ્યા છે. જે આજ દિન સુધી પરત આવ્યા નથી. જે કોઈને આ વ્યક્તિ વિશે ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશનને જાણ કરવી.

## ખેડૂતો સાથે સીધો સંવાદ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

તાલુકો વાયબ્રન્ટ તાલુકો જે સરકારનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે તેના અમલીકરણ માટેનું જનજાગૃતિ અભિયાન છેડાશે. આ ઉપરાંત જળસંચયના કામોને પણ વિશેષ અગ્રતા આપી તે વિશેની વાતો ખાસ કરીને ખેત તલાવડીઓ, ટેરેસ પોન્ડ તેમજ તળાવ ઉંડા કરવાના કામો માટે જાગૃતિ લાવવાની વાતો થશે. મહોત્સવની ઉજવણીની સાથે સાથે પશુમેળાઓનું આયોજન કરવામાં આવશે.

સાંજે વૈજ્ઞાનિકો સાથે ગોષ્ઠી પૂર્ણ થયા બાદ મુખ્યમંત્રીશ્રી ખેડૂતોને સંબોધન કરશે. આ પછી ખેડૂતોને જુદી જુદી કીટોનું વિતરણ કરવામાં આવનાર છે. મળતી વિગતો પ્રમાણે કૃષિ મહોત્સવ અભિયાન દરમ્યાન જિલ્લાના પ્રભારી મંત્રીઓ અને પ્રભારી સચિવોને પણ હાજર રહેવા માટે તાકીદ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી મોદીના રોજેરોજના સંબોધનને લઈ જિલ્લાઓને એલ.સી.ડી. ટી.વી.ની ફાળવણી પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. રાજ્યના ૨૨૦ તાલુકાઓમાં એક સાથે આ પ્રસારણ થવાનું હોઈ ટેકનોલોજીથી સજ્જ થઈ રહ્યું છે. આ માટે કેટલાક સ્થળોએ ખાસ ઉપકરણો પણ ખરીદવા માટેની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. આ ખરીદી માટે સરકારે ખાસ કિસ્સાઓમાં મંજૂરી આપી છે.

## શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

જેમાં 'ચારણી સાહિત્યના સ્તંભો' પુસ્તક એક વધુ પીંછા સમાન છે. આ પુસ્તકમાં તેમણે 'ચારણી સાહિત્ય - આપણો સાંસ્કૃતિક વારસો' નામે અભ્યાસી લેખ ઉપરાંત 'ગુજરાત ચારણી સાહિત્યને સ્વર્ણિમ સફર' શિર્ષકથી ચારણી સાહિત્યના ઈતિહાસને અને વર્તમાનને ઉજાગર કરતો લેખ આપ્યો છે. જે ખુબ જ માહિતી સભર અને ચારણી સાહિત્યની સાચી સમજ આપનારો જણાય છે. જેમાં દુહાઓ અને કવિતાની સુંદર રજુઆત ધ્યાન ખેંચે છે.

આ પુસ્તકમાંથી પસાર થતાં લોકધરાના કવિ ગીગા ભગત, વાર્તાવારિધિ - રાજકવિ ગગુભાઈ લીલા, રાજ કવિ કાનજીભાઈ લીલા, પિંગળશીભાઈ પાયક, રાજકવિ કરમદાન લીલા, જયમલદાન પાયક, મેકરણભાઈ લીલા, ભીખુદાન ગઢવી અને ઈશરદાન ગઢવીના જીવન, કવન અને પ્રદાન અંગેના ખુબ અભ્યાસપૂર્ણ લેખોમાં સંસ્મરણો અને જીવંત પ્રસંગોની મૌલિક રજૂઆત વાચક ને રસ તરબોળ કરી દે તેવી છે.

મને સૌ પ્રથમ શિવદાનભાઈ ગઢવીનો પરિચય મારા વતન બનાસ ક્ષેત્રના શિહોરી ખાતે તેઓ તાલુકા વિકાસ અધિકારી હતા ત્યારે થયેલો. તે પછી ગાંધીનગરમાં એકાદ વખત મળવાનું થયું છે. ચારણી સાહિત્યથી જરા જુદા તરી આવતા પણ સાહિત્ય સર્જન ક્ષેત્રે આગવું સ્થાન ઉભું કરનાર સર્જકો અને વક્તા તરીકેની આગવી પ્રતિભા ધરાવતા ભરત કવિ 'ઉર્મિલ', બાબુદાન ગઢવી, હંસાબેન ગઢવી, વી.એસ. ગઢવી. પ્રવિણ ગઢવી, વિગેરે દ્વારા સાહિત્ય સર્જનમાં જે નવો પ્રવાહ આવ્યો છે. તેનો અભ્યાસ અને સંશોધન થાય તે પણ જરૂર છે એવું લાગ્યા વિના રહેતું નથી. શિવદાનભાઈ ગઢવીને અને આ પુસ્તક પ્રગટ કરનાર ગુર્જર ગ્રંથ એજન્સીને અભિનંદન પાઠવું છું.

**ચારણી સાહિત્યના સ્તંભો**
**લેખક - શિવદાન ગઢવી**
**પ્રકાશક - ગુર્જર ગ્રંથરત્ન ગ્રંથાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ**
**કિંમત - રૂા. ૧૦૦/-**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૧**

## રસીકરણ ઝુંબેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ રસીકરણ માટે દરેક સબસેન્ટર અને જરૂર પડયે આ દિવસો દરમિયાન કોઈ તહેવાર કે મેળાઓ આવે તો વિશેષ સ્ટોલ મુકી અભિયાન હાથ ધરવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે દરેક બાળક સબસેન્ટર સુધી પહોંચે તે માટે તંત્રએ સઘન આયોજન હાથ ધર્યું છે. આ અંગે આશા કાર્યકરો, મલ્ટીપરપઝ વર્કરો સહિત સૌનો સહયોગ લેવામાં આવશે. આ ઉપરાંત દરેક બ્લોક ઉપર આ માટે ખાસ મોનીટરીંગ કરવામાં આવશે એટલું જ નહિ રસીકરણની આ ઝુંબેશને લઈ ખાસ તાલિમના વર્ગો પણ યોજવામાં આવનાર છે.

બાળકોને આ રસી મફત પિવડાવવામાં આવશે. આ રસીનો જરૂરી જથ્થો મેળવવા માટેની કાર્યવાહી પણ તંત્ર દ્વારા હાથ ધરી દેવામાં આવી છે. આગામી સપ્તાહના અંત સુધીમાં આ જથ્થો પ્રાપ્ત થઈ જતાં તેનું વિતરણ પણ કરી દેવામાં આવશે.

આ સિઝન દરમિયાન સામાન્યતઃ બાળકોમાં રોગોનું પ્રમાણ જોવા મળતું હોય છે. શાળા-આરોગ્ય ચકાસણી દરમિયાન પણ મળેલી વિગતોને ધ્યાને લઈ તંત્રએ આ મહત્વનું પગલું ભર્યું છે. બાળકોને સ્વસ્થ બનાવી તંદુરસ્ત સમાજની રચનાનો આ નવતર અભિગમ હોવાથી તંત્રમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## સમાચાર ઝલક

- **મુંબઈ-અમદાવાદ ડબલડેકર એ.સી. ટ્રેનને વાપી સ્ટોપેજ નહિં મળતા ભારે વિરોધ.**
- **નર્મદા પર નવા બ્રિજનું ગુજરાત સ્થાપનાદિને ભૂમિપૂજન.**
- **કડોદરા પોલીસના જાપ્તામાંથી આરોપી ફરાર થવાની ઘટનામાં બે એએસઆઈ સહિત ૩ પોલીસકર્મી સસ્પેન્ડ.**
- **પ્રેમ સંબંધ તુટતા સુરતના પ્રેમીએ પ્રેમિકાના ઘર પરથી કુદકો માર્યો.**
- **નડિયાદ નજીક માતર તાલુકાના રઘવાણજ ગામે સ્વામીનારાયણ ગુરૂકુળ પર લુટારૂ ટોળકીનો હૂમલો : સ્વામી ઘાયલ**
- **ખેડા તાલુકામાં પણસોલી સીમના તેલ કૂવામાં આગ લાગતા અફડાતફડી.**
- **ગોધરામાં વૃદ્ધાને ચપ્પુ બતાવીને પાંચ તોલા સોનાની બંગડીની લૂંટ.**
- **પાકિસ્તાન મરીન ૧૩ ભારતીય બોટ અને ૧૩ ટંડેલને ઉઠાવી જતા કોસ્ટગાર્ડ દરમ્યાનગીરી કરી તમામને છોડાવ્યા.**
- **હિંમતનગર નજીક લકઝરી બસ પલ્ટી ખાતા એકનું મોત, ૩૦ને ઈજા.**
- **સિદ્ધપુર આઈસીઆઈસીઆઈ બેન્કના એટીએમમાં લૂંટ કરવાનો નિષ્ફળ પ્રયાસ.**
- **ભાભર સ્ટેટ બેન્ક શાખામાંથી રૂ. ૨.૩૨ લાખની ઉચાપતની ફરિયાદ.**
- **મહેસાણામાં પીએનજી ગેસની લાઈન લીકેજ થતા દોડધામ મચી.**
- **પિતાએ અભ્યાસ બાબતે ઠપકો આપતા ઘરેથી ચાલી નીકળેલી અમદાવાદની છાત્રા પાટણથી મળી.**
- **લાખાપરના પ્રાચીન મંદિરમાંથી તસ્કરો ૫.૪૦ લાખના છત્તર ચોરી ગયા.**

## કંપની સમાચાર

### માઈન્ડઝ ઈન્કોર્પોરેટેડ દ્વારા આયોજિત મિસ ગ્લેમ ગુજરાત-૨૦૧૨ સાથે જામશે ફેશન ફિએસ્ટા

ગુજરાત પણ હવે મુંબઈની જેમ ફેશન હબ બની રહ્યું છે અને અન્ય ક્ષેત્રો સાથે મોડલિંગ ક્ષેત્રે પણ ગુજરાતના યુવાનોનો ક્રેઝ વધી રહ્યો છે. ગુજરાતમાં હાલ ૩૦ વર્ષથી નીચેની વયના ૧.૮ કરોડ જેટલા યુવાનો છે, અને આ આપણા યુવાધન પાસે ઘણું ટેલેન્ટ રહેલુંછે પરંતુ તેમને યોગ્ય પ્લેટફોર્મ અને યોગ્ય તક નથી મળતી ત્યારે આપણા અમદાવાદના જાણીતા માઈન્ડઝ ઈન્કોર્પોરેટેડ દ્વારા મોડલિંગ ક્ષેત્રે આગળ આવવા માંગતા અને પોતાના ટેલેન્ટ દ્વારા કંઈક કરી બતાવવા માંગતા યુવાનોને સોનેરી તક પુરી પાડી રહ્યું છે.

મેગા ટેલેન્ટ હંટ ઈવેન્ટ અંગે માઈન્ડઝ ઈન્કોર્પોરેટેડના ડિરેક્ટર રોહિત પંડ્યાએ જણાવ્યું હતું કે, 'અમારી આ મેગા ઈવેન્ટ અંતર્ગત ટૂંક સમયમાં રાજયવ્યાપી મિસ ગ્લેમ ગુજરાત ૨૦૧૨ યોજાશે. જે રાજ્યના તમામ ૨૬ જિલ્લા અને ૨૨૬ તાલુકાને આવરી લેશે. આ કોન્ટેસ્ટના પાર્ટિસિપેટ ફોર્મ ઓનલાઈન અને ઓફલાઈન એમ બંને રીતે ભરી શકશે.' આ કોન્ટેસ્ટ અંગે માઈન્ડઝ ઈન્કોર્પોરેટેડના અન્ય મેનેજમેન્ટ ટીમના મહત્વના સભ્ય દિપક બ્રહ્મભટ્ટે વધુમાં જણાવ્યું હતું કે, 'મિસ ગ્લેમ ગુજરાત ૨૦૧૨ ગુજરાતની યુવતીઓને મોડલિંગ ઈન્ડસ્ટ્રીઝમાં જવા માટેની એક નવી દિશા ચિંધશે અને તેઓને પોતાના એક્સિપિરિયન્સ, સ્કિલ્સ, કોન્ફિડન્સ રજૂ કરીને એક નવી ઓળખ ઉભી કરવાનો મોકો મળશે. મેગા કોન્ટેસ્ટ અંગે આજે અમદાવાદ ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં માઈન્ડઝ કોર્પોરેટેડની મેનેજમેન્ટ ટીમના અન્ય બે સભ્યો ભુપેન્દ્ર પ્રજાપતિ અને દિપક શાહ પણ હાજર રહ્યા હતા.

### અસ્થમા : સમયસરની સારવાર જરૂરી

દમની બીમારીની સારવાર કરાવીને નિયમિત દવાઓ ન લેનારા દરદીઓને અસ્થમાના એટેક આવવાનું જોખમ રહેલું છે. અસ્થમાનો એટેક આવે તો તે જીવલેણ બની શકે છે ને તે તબક્કે દર્દીને હોસ્પિટલમાં એડમિટ પણ કરવો પડે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના નિષ્ણાતોએ આપેલા માર્ગદર્શન પ્રમાણે દમની દવાઓ કરવામાં આવે તો તેની પાછળ કરવો પડતો ખર્ચ પણ ઘટી શકે છે. દર્દીનો વ્યકિતગત ખર્ચ અને સરકારે દમના દર્દીઓની સારવાર માટે કરવો પડતો ખર્ચ ઘટી શકે છે એમ અગ્રણી ફાર્મા કંપની સિપ્લાએ આજે અસ્થમા દિન નિમિત્તે યોજેલા ચર્ચા સત્રમાં ભાગ લેનારા નિષ્ણાત તબીબોએ જણાવ્યું હતું.

અસ્થમાની સારવારમાં સૌથી વધુ અસરકારક પધ્ધતિ શ્વાસના માધ્યમથી દવાઓનો ડોઝ આપવાની થેરપી હોવાનું જણાવતા તબીબોએ જણાવ્યું હતું કે આ સારવાર પધ્ધતિને કારણે દર્દીએ રોજના માત્ર રૂ. ૪ થી ૬ નો જ ખર્ચ કરવો પડે છે. આમ હોસ્પિટલમાં સારવાર માટે રોકાવાના કરવા પડતા ખર્ચ કરતાંય ઓછા ખર્ચામાં આખા વર્ષની દવાનો ખર્ચ નીકળી શકે છે. પેનલ ડિસ્કશનમાં ભાગ લેનારા તબીબોએ જણાવ્યું હતું કે દમના વ્યાધિ અંગે જોઈએ તેવી જાગૃતિ ન હોવાને કારણે અસ્થમાની બિમારીની આરંભમાં જ ચિકીત્સા થતી નથી. તેથી તેમને આપવી જોઈએ તેવી સંપૂર્ણ સારવાર આપી શકાતી નથી. પરિણામે દેશમાં અસ્થમા દમના દર્દીઓ વધી રહ્યા છે. આજે દેશમાં દમના દર્દીઓની સંખ્યા ત્રણ કરોડથી વધુ હોવાનો અંદાજ છે.

## શબ્દાવલી - ૪૭૧૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | | |
| ૬ | | | ■ | ૭ | | ■ | ■ |
| | | ■ | ૯ | ■ | ૧૦ | ૧૧ | ૧૨ |
| | ■ | ■ | ૧૩ | ૧૪ | | | |
| ■ | ૧૫ | | | | ■ | ■ | ■ |
| ૧૬ | | ■ | ૧૭ | | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | | | | ■ | ૨૨ | | |
| ૨૩ | | ■ | ૨૪ | | ■ | ■ | |

**આડી ચાવી**

૧. સ્ટેન્ડ, બસ કે ગાડી થોભવાની જગ્યા (૩)
૪. સીડી, દાદર (૪)
૬. ગાડુ (૩)
૭. વેરો, હાથ, હસ્ત (૨)
૮. પાણીની ચકલી (૨)
૧૦. હોદ્દો, પદ, કેરીની એક જાત (૩)
૧૩. તરફડાટ, વલવલવું તે (૫)
૧૫. રસોઈઓ (૪)
૧૬. નાનો તંબુ કે તેની કનાત (૨)
૧૭. જેવો તેવો, રેંજીપેંજી માણસ (૫)
૨૧. ઉપજ આપે તેવી (૪)
૨૨. મિજાજી, અભિમાની (૩)
૨૩. ચકલા વગેરેને નખાતું અનાજ (૨)
૨૪. સળેકડી (૨)

**ઊભી ચાવી**

૧. કાગળ પેન વગેરે લેખન સામગ્રી (૪)
૨. સર્વ, તમામ (૪)
૩. વેશ ભજવનાર કલાકાર અભિનેતા (૨)
૪. પાણી જવાનો રસ્તો ધોરિયો (૨)
૫. ખિતાબ, એવોર્ડ (૪)
૯. વિજળીઘર (૬)
૧૧. 'લાય' નું ઊંધુ (૨)
૧૨. અરજી, કાનૂની હુકમ મેળવવાની અરજી (૨)
૧૪. લચક પડતી અંગનો મરોડ (૩)
૧૫. બાલ્ય અવસ્થા (૪)
૧૬. નાનકડું પડીકું, દા.ત. ભગત (૩)
૧૮. શાખ કે કબૂલાતની સહી (૨)
૧૯. સુંદર સ્ત્રી, લક્ષ્મી કે સરસ્વતી (૨)
૨૦. લીખ કાઢવાની કાંસકી (૩)

### શબ્દાવલી ૪૭૧૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) આસોપાલવ (૩) સાગ (૫) અમર (૬) રોકાણ (૮) પાળ (૯) દરગુજર (૧૧) દામોદર (૧૨) વારાફરતી (૧૪) ગુણગાન (૧૬) ભાતીગળ

**ઊભી ચાવી :-** (૧) આસરો (૨) પાષાણ (૩) સાગ (૪) ગરમર (૫) અળગુ (૭) કાણમોકાણ (૧૦) જર્જર (૧૩) ફજેતી (૧૪) ગુફા (૧૫) વાઘ

## પરણેતરની પ્રીત

(પાના નં. ૪ નું ચાલુ)

'તું એમ કર સંધ્યા, તને અશક્તિ છે એટલે તું આરામ કહી લે હું કૉમ્પ્યુટરમાંથી અરજીની કૉપી તૈયાર કરીને આવું છું.'

'સંધ્યા, દેવાભાઈની વાત સાચી છે.'

'ના, મમ્મી, મને હવે તદ્દન સારું છું મને દેવા સાથે જવા દે હું પણ દેવા સાથે કૉમ્પ્યુટરમાંથી ફૉર્મની કૉપી કઢાવી આવું છું.'

'સારું જાવ, પણ દેવાભાઈ સંભાળીને વાહન ચલાવજો.'

'માસી તમે સંધ્યાની ચિંતા કરશો નહિ.'

કૉમ્પ્યુટરમાંથી કૉપી કઢાવી બંને બગીચામાં ગયા ને કહ્યું, 'દેવા, હવે મારે શું કરવું? મારા મમ્મી-પપ્પા સગાઈની વાત કરે છે!'

'સંધ્યા, હું પણ એજ વિચારુ છું પણ મને કાંઇ સૂઝતું નથી.' દેવા કહ્યું.

દેવો મનમાં વિચારવા લાગ્યો કે મારા લગ્નની વાત જાહેર કરવી કે ગુપ્ત રાખવી શું કરવું તેની ચિંતામાં તે કાંઇ બોલી શક્યો નહિ એટલે મૌન થઇ ગયો. સંધ્યા ભોળી છોકરી છે એનું શું કરવું. જયારે તેને ખબર પડે કે દેવુ તો પરણેલ છે. અને એની પત્નીને સીમંત ભરી પિયર તેડી ગયા છે. ત્યારે તેને કેટલો આઘાત લાગશે. એને મારા પર વિશ્વાસ નહિ રહે!'

'દેવો શું વિચારે છે! કાંઇ ચિંતામાં છે કે શું?'

'ના... ના... આપણે હવે શઉં કરવું લગ્ન કરી લેવા કે પછી...'

'દેવા, આપણે હવે નિર્ણય પર તો આવવું જ પડશે. કારણ મારા મા-બાપ મારી સગાઇ કરવા તૈયાર થઇ ગયા જ છે. ઘણા છોકરાઓ ના મા-બાપ અમારા જવાબની રાહ જોઇને બેઠા છે?'

'હા... હું પણ એ જ વિચારમાં છું'

'સારું, દેવા આપણે હવે ઘેર જઇને મારા મધર ચિંતા કરતા હશે.'

બંને ઘેર ગયાને સંધ્યાના ઘેર લોકોનું ટોળું જમા થયેલું, મકાન માલિક ઘર ખાલી કરાવવા બૂમ બરાડા પાડતો કહેતો કે, 'પાંચ માસથી મકાન ભાડાના પૈસા આપેલા નથી. આવા ભાડુઆતને મકાન ભાડે અપાય જ નહિ. મકાન ખાલી કરીને જતા રહો. તમારી ગરીબાઈ જોઇને ઓછા ભાડે મકાન આપ્યું તેમ છતાં તમે ભાડું પણ આપતા નથી. તમારાથી વધારે ભાડું આપી શકે તેવા લોકો મકાન ભાડે રાખવા આવે છે. પરંતુ તમારી આર્થિક સ્થિતિ જોઇ, તમને સસ્તા ભાડામાં મકાન આપેલ છે. આવા ભાડુઆત મારે ન પોષાય. મહેરબાની કરી મકાન ખાલી કરી નાખો.'

'અરે, શેઠ હમણાં મુશ્કેલી છે.' સંધ્યાના પપ્પાએ કહ્યું.

'મારે કાંઇ સાંભળવું નથી,ી મારું ભાડુ ભરપાઇ કરી દો.' મકાન માલીકે કડકાઈથી કહ્યું.

'એર શેઠ, અત્યારે એમો કયાં જઇએ. અમે કોણ આસરો આપે? અમને થોડા દિવસની મહેતલ આપો. હું તમારા ઘેર આવી પૈસા આપી જઇશ.' આજીજી કરતાં સંધ્યાના પપ્પાએ કહ્યું.

મકાન ખાલી કરવાની ધમકી આપી મકાન માલિક જતાં રહ્યાં, સંધ્યાના મમ્મી-પપ્પા મુશ્કેલીમાં મુકાઇ ગયા. શું કરવું? શું ન કરવું? આ જાતી જિંદગીમાં જાવું ક્યાં? ગામડાનું મકાન પણ શહેરમાં રહેવા આવતાં વેચી દીધું. આમ વિચારતા સંધ્યાના મા-બાપ આંસુ સારવાં લાગ્યા.

મા-બાપને રડતાં જોઇ સંધ્યાનું હૈયું ભરાઇ આવ્યું તે પણ હિબકાં ભરવા લાગી. 'મમ્મી... પપ્પા...'

સંધ્યાના મા-બાપ અને સંધ્યાને રડતાં જોઇ દેવાએ કહ્યું, 'માસા, તમે રડશો નહી, શાંતિ રાખો, સંધ્યા તું પણ રડીશ નહીં. તારા રડવાથી મા-બાપને વધારે દુઃખ લાગશે. માટે તું શાંત થા.'

(ક્રમશઃ)